Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# ‘હિંદ સ્વરાજ’: એક અધ્યયન

**કિરણકુમાર અકાભાઇ ચૌધરી**

પી.એચ.ડી.સ્કોલર, ગુજરાત યુનિવર્સિટી, ભાષા સાહિત્ય ભવન, અમદાવાદ.

***સારાંશ:-***

*‘હિંદસ્વરાજ’ એ સંવાદ પદ્ધતિથી લખાયું છે. આ પુસ્તક ઇ.સ. ૧૯૦૯માં લખાયુ છે, ત્યારે ગાંધીજીની ઉંમર ૪૦ વર્ષની હતી. એમના આયુષ્યકાળની વચ્ચે તેમના જીવનમાં ૪૦ વરસ જે સાધના ચાલી અને જે મથામણ કરીને પ્રયોગો ચાલ્યા તેનો પરિપાક ‘હિંદ સ્વરાજ’ પુસ્તકમાં જોવા મળે છે. આ પુસ્તક દ્વારા જ ગાંધીજી આપણી સમક્ષ આવે છે. તેમના દ્વારા એક નવા યુગનું દર્શન સમાજ સામે પ્રસ્તુત થાય છે. ગાંધીજી કહે છે કે, ‘ આપણે સ્વરાજનું નામ લીધુ છે, પણ તેનું સ્વરૂપ સમજ્યા નથી. સ્વરાજ તે આપણા આત્માનું રાજ છે, એટલે કે સ્વ-શાસન, આત્મા-શાસન, મનુષ્યનું પોતાની ઉપર પોતાનું રાજ કહેવાય. સ્વરાજ તો પોત પોતાનું કરવું જોઇએ. બીજા મેળવે તે સ્વરાજ નથી, પણ પરરાજ્ય છે. આપણી ઉપર આપણે રાજ ભોગવીએ તે જ સ્વરાજ છે, અને એ સ્વરાજ આપણી હથેળીમાં છે, એ સ્વરાજ પોતાની રીતે ભોગવવાની છે. આ સ્વરાજ મેળવવાની ચાવી એ સત્યાગ્રહમાં છે. સત્યાગ્રહ એ સર્વોપરી છે. આ સત્યાગ્રહમાં આત્મબળ, પ્રેમબળ છે, તે અવિનાશી છે. તે બળ જેનાં પાસે છે તેની પાસે હથિયારબળ કામ કરી શકતું નથી. આ સત્યાગ્રહ એ કોઇ રાંક, બીકણ, કે નમાલાનું સાધન નથી. આ હિંસાના માર્ગ કરતાં વધારે હિંમતની અને બહાદુરીની જરૂર પડે છે. ‘હિંદ સ્વરાજ’એ અહિંસાની તેમજ અહિંસા ઉપર આધારિત નવી સમાજરચના ઊભી કરવા માટે મહત્વનું પુસ્તક છે.*

- *હિંસાને માનવજીવનમાંથી તેમજ સમાજ જીવનમાંથી નેસ્તનાબૂદ કરવાની છે.*
- *જીવનનો સાચો સિદ્ધાંત અથવા પાયો અહિંસા જ છે, હિંસા નહિં.*
- *જીવમાત્ર સમાન છે. પણ અહિંસાની સાધના મનુષ્યો વચ્ચે કરવાની હોવાથી મનુષ્ય સમાજનો વિશેષ વિચાર કરવાનો છે.*
- *ભોગવિલાસ અને એશઆરામની ઇચ્છા તથા હિંસા વચ્ચે સીધો સંબંધ છે. એથી ઊલટું સાદાઇ, સંયમ, ખડતલપણું, અંગમેહનત અને સેવાવૃતિ અહિંસાને અનુકૂળ થનારા ગુણો છે.*

**પ્રસ્તાવના:** મહાત્મા ગાંધીજીની ૧૫૩મી જન્મજયંતિ સમગ્ર દેશમાં ઉજવાઈ રહી છે, ત્યારે ગાંધીજીના વિચારો અને તેમના કાર્યની આજના સમયમાં કેટલા ઉપયોગી છે? ગાંધીજીની તુલના વિશ્વના કોઇપણ વ્યક્તિ સાથે કરી શકાય તેમ નથી. ગાંધીજીનું આંતર-બાહ્ય,પારદર્શક વ્યક્તિત્વ, વિચાર,વર્તન અને કાર્યની તાદાત્મ્યતા જગજાહેર છે. આવા પ્રકારના વ્યક્તિત્વવાળો પુરૂષ જગતને મળવો મુશ્કેલ છે. ગાંધીજીના અવસાનના ૭૫ વર્ષ થવા છતાં તેઓ હજી ભુલાયા નથી,અને ભુલાશે પણ નહિ. સમગ્ર દુનિયા આજે પણ ગાંધીજીને યાદ કરે છે. ગાંધીજીએ ભારતની દરેક સમસ્યા,વેદના,સંવેદનાઓનું કરેલું ચિંતન આજે પણ એટલું જ સુસંગત લાગે છે.

ગાંધીવિચારનું બીજરૂપ ‘હિંદ સ્વરાજ’ પુસ્તક રૂપે ઇ.સ.૧૯૦૯ ના નવેમ્બરની ૧૩ થી ૨૨મી તારીખના દિવસોમાં ગુજરાતીમાં લખાયું હતું. પુસ્તકની પ્રસ્તાવના તા.૨૨-૧૧-૧૯૦૯ ના રોજ લખાઇ હતી. ઇ.સ.૧૯૦૯ના ડિસેમ્બરની ૧૧ મી અને ૧૮મીના ‘ઇન્ડિયન ઓપિનિયન’ના અંકમાં ગુજરાતીમાં પ્રગટ થયું હતું. આ સમગ્ર પુસ્તક ઇંગ્લેન્ડથી દક્ષિણ આફ્રિકા જતાં

સ્ટીમર કિલર્ડાનન કેસલ પર લખાયું હતું. આ પુસ્તક વાચક અને અધિપતિ વચ્ચેના સંવાદરૂપે લખાયું છે. વાચકે હિંદના સ્વરાજ વિશે પ્રશ્નો પૂછ્યાં છે,અને અધિપતિએ તેના લંબાણથી જવાબો આપ્યાં છે. પ્રશ્નો ગાંધીજીએ પોતે જ પોતાની વાત કરવા માટે પૂછ્યાં નથી. અંગ્રેજી માસિક 'આર્યન પાથ' ના સપ્ટેમ્બર,૧૯૩૮ ના 'હિંદ સ્વરાજ' વિશેષાંક માટે મોકલેલા સંદેશામાં તેમણે લખ્યું હતું: ' વાચક એટલું ધ્યાનમાં રાખે કે કેટલાંક કાર્યકર્તાઓ, જેમંના એક કટ્ટર અરાજકતાવાદી હતાં,તેમની સાથે મારે જે વાતચીતો થયેલી તે જેવી ને તેવી મેં આ પુસ્તકમાં ઉતારેલી છે. 'હિંદ સ્વરાજ' પુસ્તકમાં હિંદીઓનાં હિંસાવાદી સંપ્રદાયને અને દક્ષિણ આફ્રિકામાંના તેને મળતા વિચાર ધરાવનાર વર્ગને જવાબરૂપે તે લખાયું હતું. લંડનમાં વસતાં એકેએક જાણીતા અરાજકતાવાદી હિંદીના પ્રસંગમાં હું આવ્યો હતો. એમના શૂરાતનની છાપ મારા મન પર પડેલી, પણ મને લગ્યું કે, હિંસા એ હિંદુસ્તાનનાં દુ:ખોનો ઇલાજ નથી, અને તેની સંસ્કૃતિ જોતાં તેણે આત્મરક્ષાને સારું ભિન્ન અને ઉચ્ચત્તર પ્રકારનું કોઇ શસ્ત્ર વાપરવું જોઇએ.

'હિંદ સ્વરાજ' ની પ્રસ્તાવનામાં તેમણે લખ્યું છે કે, ' જ્યારે મારાથી નથી રહેવાયું ત્યારે જ મેં લખ્યું છે. બહુ વાંચ્યું, બહુ વિચાર્યું, વળી વિલાયતમાં ટ્રાન્સવાલ ડેપ્યુટેશનને સારું ચારા માસ રહ્યો તે મુદતમાં મારાથી બન્યા તેટલા અંગ્રેજોને પણ મળ્યો, જે મારા વિચાર છેવટના લાગ્યા તે વાંચનારની પાસે મુકવા એ મારી ફરજ સમજ્યો છું.

'હિંદ સ્વરાજ' માં ૨૦ પુસ્તકોનો સમાવેશ થાય છે, તે પૈકી ૧૮ પુસ્તકો પશ્ચિમના ટોલ્સટોય, થોરો આદિ લેખકોનાં છે, અને બે પુસ્તકો ભારતીય લેખકોનાં દાદાભાઇ નવરોજી અને આર.સી.દત્તનાં છે. 'હિંદ સ્વરાજ' માં આધુનિક સુધારા(સંસ્કૃતિ)ની જે આકરી ટીકાઓ કરી છે તે કેવળ તેમનો વ્યક્તિગત અભિપ્રાય ન હતો. યુરોપ, અમેરીકાના જે કેટલાંક વિચારકોએ નવી વિકસેલી ઔધોગિક સંસ્કૃતિનાં દોષો જોયેલા તેમાંથી તેમને પોતાના અનુભવો પર આધારિત મત માટે સમર્થન સાંપડ્યું હતું. તેમણે જે વિચારો આપ્યાં તે ભારતનાં પ્રાચીન ઋષિઓની જેમ અંત:સ્ફુરણાથી આપ્યાં હતાં

'હિંદ સ્વરાજ' એ ગાંધીજીએ આર્ષદર્શનથી પ્રાપ્ત કરેલા અને અનુભવની ભઠ્ઠીમાં પાકેલા વિચારોનો દસ્તાવેજ છે. એમનો ઉદ્દેશ નવાં જીવન મુલ્યોને પ્રસ્થાપિત કરવનો છે. 'હિંદ સ્વરાજ' ના વાંચનમાંથી એવી છાપ ઊભી થાય છે કે, કોઇ ૧૭ મી, ૧૮ મી સદીમાં જીવતાં માનવીની માનસિકતા માંથી આ પુસ્તકનો ઉદભવ થયો છે. આ પુસ્તક લખનારને ઇંગ્લેન્ડનો જાત અનુભવમાંથી અને દક્ષિણ આફ્રિકાના અંગ્રેજોના શાસન અને ગોરઓનાં વર્તનનાં પ્રત્યક્ષ અનુભવે આધુનિક સુધારા અંગેનાં તેમના વિચારોને ઘડવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. તેને સમજવા માટે ગાંધીજીએ લખેલા 'દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહનો ઇતિહાસ' વાંચવા જેવો છે. આથી એક હકિકત એ છે એ, એમ.કે.ગાંધી તરીકે દક્ષિણ આફ્રિકામાં ગયેલા ગાંધીનું 'મહાત્મા ગાંધી' માં રૂપાંતર એ દક્ષિણ

આફ્રિકાના તેમના બે દસકાના વસવાટ દરમ્યાન જ થયું હતું. ત્યાં જ સત્યાગ્રહનો વિચાર આવ્યો હતો, અને ત્યાં જ સાત્યાગ્રહના પ્રયોગો થયા હતાં.

'હિંદ સ્વરાજ' માં ગાંધીજીએ ભારતની સંસ્કૃતિનો મહિમા કરીને એક મોટો દાવો કર્યો છે. 'હિંદ સ્વરાજ' ના દર્શનની પ્રસ્તુતતાને સમજવા માટે યુગસંદર્ભની ઘટનાઓ જોવા જેવી છે. જેમાં બે મહા યુધ્ધો, ભારતને અહિંસક માર્ગે સત્યાગ્રહ દ્વારા મળેલું સ્વાતંત્ર્ય, અણુંબોમ્બની શોધ અને હીરોશિમા-આગાસાકી ઉપર થયેલો તેનો પ્રયોગ તથા છેલ્લાં પચાસ વર્ષમાં ખડકયેલાં અણુંબોમ્બનાં ગંજ, અતિનિયંત્રિત રાજવ્યવસ્થાનો રશિયાનો પ્રયોગ તુટી ગયો, શહેરીકરણની દોટમાં થયેલો અદમ્ય વધારો અને તેના વિશમ પ્રશ્નો, પર્યાવરણના પ્રદુષણથી પૃથ્વી અને જીવસૃષ્ટી માટે પેદા થયેલો ખતરો, વિશ્વની વિશાળ વસ્તીને ગળે હજું પણ વીંટાયેલો ભુખમરાંનિ અભાવ, આરોગ્યનો અભાવ, અને શોષણનો પંજો, સમૃધ્ધ દેશોની ગરીબ દેશો પર વધેલી આર્થિક અને માનસશાસ્ત્રીય પકડ અને તેમાં યંત્ર તથા ટેકનોલોજીનો ફાળો, ગતિશીલ જીવનનાં અતિરેકનાં માનસશાસ્ત્રીય અને સ્વસ્થ જીવન વિરોધી દુષ્પરિણામો, પ્રચાર-પ્રસારનાં માધ્યમોની નશાની હદે માનવમન ઉપર પકડ. આમ વિવિધ સંદર્ભ દ્વારા 'હિંદ સ્વરાજ' નાં ગાંધીજીનાં વિચારો વધુ વ્યાપક રીતે અને વધું સચોટ રીતે સમજાય તેમ છે.

દેશને સ્વતંત્ર કરનાર ગાંધીજીની તો એક ભારતીય દ્વારા જ હત્યા કરવામાં આવી હતી. આ બદલાતા સમયની સાથે હવે ગાંધીજીનાં વિચારો, આદર્શ, અને મૂલ્યો ક્રમશઃ અદૃશ્ય થવાં લાગ્યાં છે. જેથી ગાંધીજીએ તો જોહન રસ્કિનના પુસ્તક 'અન ટુ ધિસ લાસ્ટ' પુસ્તકથી પ્રભાવિત થઇ જાહેર જીવનમાં ગરીબનાં બકીલ બન્યાં હતાં. ગાંધીજીના સ્વપ્નનું સ્વરાજ કેવું હતું એ આજે પણ યાદ અપાવે છે. મારા સ્વપ્નનું સ્વરાજ એ ગરીબોનું સ્વરાજ છે. રાજા અને ધનિકવર્ગ જીવનની જે જરૂરિયાતોઓ ઉપયોગ કરે છે, તે ગરીબોને પણ સુલભ હોવી જોઇએ. ધનિકવર્ગ ભોગવતો હોય એવી જીવનની બધી આવશ્યક સગવડો ગરીબને પણા મળવી જોઇએ.

આજે શહેરો ગામડાં પર સત્તા ચલાવી રહ્યાં છે. પરિણામે ગામડાં નાશ પામતાં જાય છે. જો આપણે અહિંસાની ભુમિકા પર સ્વરાજની રચના કરવી હોય તો આપણે ગામડાંઓને તેમનું યોગ્ય સ્થાન આપવું જોઇએ. ગામડાંનાં લોહીની સિમેન્ટ વડે જ શહેરોની મોટી-મોટી ઇમારતો બાધવામાં આવી છે. મોટાં-મોટાં શહેરો ઉભા થવા એ અર્થતંત્રના રોગની નિશાની છે. જેથી ગામડાંનો નાશ થશે તો હિંદુસ્તાન નહિ રહે. જગતમં એનું જે વિશિષ્ટ કાર્ય છે તે લુપ્ત થઇ જશે. જેમાં આર્થિક સમાનતાનો મુદ્દો અહિંસક પૂર્ણ સ્વરાજની મુખ્ય ચાવી છે.

'હિંદ સ્વરાજ' નો ગાંધીજીએ સમસ્ત માનવજાતિનો આત્મીય સ્વજન અને પરમ હિત-ચિંતક અને સહ્દયી મિત્ર છે. 'હિંદ સ્વરાજ'ના પાને પાને એક તરફડાટ છે, વ્યથા છે, હૈયાની વેદના છે, વ્યાકુળ હ્દયનો આર્તનાદ છે, બે ચેન બની ગયેલાં

આત્મનો પોકાર છે, આજે જે તરફ દુનિયા ધસી રહી છે, તે પથ પર સર્વનાશ ને સર્વનાશ જ છે. મારાં પોતાના આપ્ત જનને ઉગારવા માટેની વાત 'હિંદ સ્વરાજ' માં આપવામાં આવી છે. વિનોબાજીએ કહ્યું છે કે, 'હિંદ સ્વરાજ' માં ગાંધીજીનું વિશુદ્ધ હૃદય પ્રગટ થયું છે. વિશુદ્ધ હૃદયમાં જ સત્યનું વિશુદ્ધ સ્વરૂપ અસલ સ્વરૂપ પ્રતિબિંબિત થાય છે. જેથી આને જ તો પ્રતિભા કહેવાય છે. મનુષ્યની ક્રાંતિ તેમજ ઉત્ક્રાંતિની વિકાસયાત્રામાં 'હિંદ સ્વરાજ' એક સીમાચિન્હરૂપ ઘટના છે. તેમાં આપણને આ વિકાસયાત્રા માટેનો આગળનો નકશો મળે છે, એક માર્ગદર્શિકા મળે છે, એક અણમોલ ભાથું મળે છે, હવે હિંસાનો યુગ પૂરો થઇને અહિંસાનો યુગની શરૂઆત થાય છે, જેની વાત 'હિંદ સ્વરાજ' માં આપવામાં આવી છે. જેમાં અન્યાય, ઉત્પીડન, ગુલામી, વગેરેનો પ્રતિકાર અને તેમાંથી સપૂર્ણ મુક્તિ હિંસા મારફત હરગીજ નહિં આવે શકે, તેના માનવીએ હવે અહિંસાનો નવો માર્ગ હવે માનવે અપનાવવો પડશે. આવી બુલંદ ઘોષણા 'હિંદ સ્વરાજ' માં ગાંધીજીએ કરી છે.

'હિદ સ્વરાજ' આ દુનિયામાં પ્રેમ ધર્મ અને આત્મબળનું મહત્વ રહેલું છે. જેમાં એક મોટા વિચારક, લેખક જોહન મિડલટન મરીએ કહેલું : ' મને લાગે છે કે આધુનિક જમાનામાં લખાયેલા પુસ્તકોમાં 'હિંદ સ્વરાજ' સૌથી મહાન પુસ્તક છે. તેને દુનિયાના આધ્યાત્મિક મહાગ્રંથોમાંનો એક મહાગ્રંથ ગણું છું.' કવિ સાહિત્યકાર ફ્રોસેટે પણ આ વાત તરફ ધ્યાન દોરે છે: ' જો જીવનનો સર્જનાત્મક હેતુ સિદ્ધ કરવો હોય, તો આપણા સહુની ભીતર એક અસલ બુનિયાદી ક્રાંતિ થવાની અનિવાર્ય જરૂર છે.' 'હિંદ સ્વરાજ' આવી અસલ બુનિયાદી ક્રાંતિ માટેની શ્રેષ્ઠ આધુનિક માર્ગદર્શિકાઓમાંની એક છે. 'હિદ સ્વરાજ' એ ચીલાચાલુ ઘરેડમાંથી માનવજાતિને બહાર કાઢીને નવા રસ્તે ચલાવનારૂં પુસ્તક છે. આ વાત એક ચિંતક વિચારક જીરાલ્ડ હર્ડે બહુ સરસ રીતે કરી છે: ' કેટલાંક પુસ્તકો માત્ર પુસ્તક નહિં, પણ મહાન કુદરતી ઘટના રૂપ હોય છે. 'હિંદ સ્વરાજ' આવું એક પુસ્તક છે. તે એક નવા યુગના, એક નૂતન વ્યવસ્થાનાં આરંભરૂપ પુસ્તક છે. મનુષ્યનાં બધાં બંધનોમાંથી મુક્તિ ઝંખતો હતો, પરંતુ તે મુક્તિ માટે તેણે હિંસાનો આસરો લીધો, જે હિંસા મારફત તેને બંધનમાં નાખવામાં આવ્યો હતો, તે જ હિંસાનો આસરો લઇને તેણે પોતાનાં બંધનો તોડી બીજાઓને બંધનમાં નાખ્યાં. પરિણામે આ ક્રાંતિઓમાંથી અનિવાર્યપણે પ્રતિક્રાંતિઓ જન્મી, માણસની આટલી બધી મહેનત છતાં પણ નવા જુલમગારોએ સિંહાસને જામી બેઠા છે. આ સત્યને આત્મસાત કરી ગાંધીજીએ એક નવો રાહ બતાવે છે. શુદ્ધ સાધન દ્વારા જ શુદ્ધ સાધ્ય પ્રાપ્ત કરી શકાય. અશુદ્ધ સાધનોથી અનિષ્ટ પરિણામો જ આવે છે. અહિંસા આપણી સામે એક નવું દર્શન રજુ કરે છે. અહિંસાને આપણે સાકાર કરી શકીશું, તો દુનિયા આ નવા યુગના પથપ્રદર્શક તરીકે ગાંધીજીને કાયમ માટે યાદ કરશે. ગાંધીજીના પ્રયોગમાં આખી દુનિયાને રસ છે જેથી તેનું મહત્વ યુગો સુધી કાયમ રહેશે.

'હિદ સ્વરાજ' વાંચીને ગાંધીજીએ લખ્યું: ' મેં તમારી ચોંપડી રસથી વાંચી છે, કેમ કે હું માનું છું કે, તેમાં ચર્ચવામાં આવેલો વિષય સત્યાગ્રહ તે હિંદુસ્તાન માટે જ નહિ પણ બધી માનવજાત માટે સૌથી વધારે મહત્વનો છે. હું તમારી ચોપડીને બહુ કિંમતી ગણું છું. સત્યાગ્રહએ શુદ્ધ પ્રેમ સિવાય બીજું કશુ જ નથી, મનુષ્યના આત્માને એકત્ર કરીને જોડવાનો પ્રયાસ એ જ પ્રેમ, અને એ પ્રેમ જ માનવીની જિંદગીને દોરનારો ઊંચામાં ઊંચો એક જ કાયદો છે. દરેક માણસ પોતાના અંતરમાં ઊંડી ઊંડી લાગણી અનુભવે છે.' આ વાત વરસો પહેલા સોક્રેટીસે કહી: ' માણસ મૂળતઃ સજ્જન છે. તેનામાં જે દોષો દેખાય છે, તે અજ્ઞાનને કારણે છે, તથા જ્ઞાન દ્વારા માણસના બધા દોષો, દુરાચારો, બુરાઇઓ વગેરે દુર કરી શકાય છે. આ બધાની પાછળ માણસની દુષ્ટતા નહિં, પણ અજ્ઞાન છે. માણસ મૂળતઃ સજ્જન છે.' આ વાત હેન્રી ડેવિડ થોરો કહે છે: ' પ્રેમમાં અમાપ શક્તિ રહેલી છે. દરેકા યુગના સૌથી શાણા પુરૂષોએ પ્રેમની શક્તિને પ્રગટ કરવાનિ પરિશ્રમ કર્યો છે. પ્રત્યેક માનવ હદયને પણ વહેકા કે મોડા, વત્તે કે ઓછા અંશે તેનો અનુભવ થાય છે. આમ જોવા જઇએ તો સમાજના સઘળા સફળ વ્યવસ્થાતંત્રનું પ્રેરકબળ પ્રેમા જ છે.' આવી પ્રેમશક્તિને સામાજીક ક્ષેત્રે સફળ બનાવવાની ગાંધીજીએ 'હિંદ સ્વરાજ' માં આપવામાં આવી છે. ગાંધીજીનો અભિગમ આધ્યાત્મિક હતો, તેની સાથે પૂર્ણપણે વૈજ્ઞાનિક પણ હતો. આથી 'હિંદ સ્વરાજ' માં ગાંધીજીએ અહિંસાની વાત કરવામાં આવી છે.

**ઉપસંહાર:-**

'હિદ સ્વરાજ' એ અહિંસક સંસ્કૃતિની ખોજ ગણાય છે. આ પુસ્તકમાં ગાંધીજીએ ભારતની સંસ્કૃતિનું મહત્વ આપ્યું છે. આમાં પાયાનો વિચાર સ્વરાજનો છે. સત્યાગ્રહ એ હિંદ સ્વરાજનો મહત્વનો વિચાર છે. આજના સમયમાં અહિંસાની ખાસ જરૂરિયાત છે. આમાં ઇંગ્લેન્ડ અને યુરોપના અન્ય દેશોમાં પ્રસરેલી આધુનિક સંસ્કૃતિની તેમાં ટીકાઓ કરવામાં આવી છે, તે આજે પણ પ્રસ્તુત છે. સ્વરાજનો ઉદ્દેશ લોકહિતનો હોવો જોઇએ. હિંદના સ્વરાજ માટે હિંસાનો માર્ગ કેમ ઉપયોગી નથી એની વાત કરવામાં આવી છે. હિંદ સ્વરાજમાં મુખ્ય વાત આધુનિક અને ઔધોગિક સંસ્કૃતિ સામેના વિરોધનો છે. ગાંધીજી કોઇ સંત ન હોતા, પણ વૈજ્ઞાનિક અભિગમથી જીવનના અને સમાજના પ્રશ્નોનો વિચાર કરનાર ચિંતક હતાં. આમ હિંદ સ્વરાજમાં અહિંસક સમાજની વાત કરવામાં આવી છે. એમાં પોતાના સ્વ- રાજની વાત છે. આનાથી સ્વ થી સર્વ ની વાત કરવામાં આવી છે.

**સંદર્ભગ્રંથ સૂચિ :**

(૧) હિંદ સ્વરાજ : અહિંસક સંસ્કૃતિની ખોજ, રમેશ બી. શાહ, ગૂજરાત વિધાપીઠ,અમદાવાદ.પ્રથમ આવૃતિ-૨૦૦૮.

(૨) 'હિંદ સ્વરાજ': એક અધ્યયન, કાન્તિ શાહ, યજ્ઞ પ્રકાશન,વડોદરા,પ્રથમ આવૃતિ-૨૦૦૭.

(૩) ગાંધીની નજરે દુનિયા, મનસુખ સલ્લા, ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ.પ્રથમ આવૃતિ- ૨૦૧૯

(૪) અમારા ગાંધી, સંપાદક, ચેતના પટેલ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ,પ્રથમ આવૃતિ-૨૦૧૯

(૫) ગાંધીજી એક ખોજ, દેવેન્દ્ર પટેલ, નવભારત સાહિત્ય મંદિર,અમદાવાદ, પ્રથમ આવૃતિ- ૨૦૧૭